Extra No. 85

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] MONDAY, MARCH 23, 2026 / CHAITRA 2, 1948

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વાંચ્યો:-

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ(સ્ટેટ) ગોધરાના પત્ર જા.નં.સીબી/ગોધરા/૧૪૯/૨૦૨૬ તા.૦૬/૦૩/૨૦૨૬

(૨) ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઈ

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (ખ) હેઠળ

નં.એમએજી/જાહેરનામુ/વશી/૪૮૮ થી ૫૦૮ /૨૦૨૬.-કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ(સ્ટેટ) ગોધરાના વંચાણે લીધેલ અ.નં.(૧) ના તા.૦૬/૦૩/૨૦૨૬ ના પત્રથી તેઓના વિભાગ વિભાગ હસ્તકના અમદાવાદ-ગોધરા- દાહોદ- ઈન્દોર રોડ કિમી ૧૧૬/૮ થી કિમી ૧૨૯/૪ ગોધરા શહેર માંથી પસાર થતાં રોડ પર ફલાયઓવર બ્રીજ પ્રગતિ હેઠળ છે. હાલમાં સદર ફલાયઓવરની કામગીરીમાં આઈ.ટી.આઈ પ્રભા કોતર થી લઈને બસ સ્ટેન્ડ તરફ કામગીરી પ્રગતિમાં છે અને ચર્ચ થી બસ સ્ટેશન તરફ કામગીરી ૩૦/૦૪/૨૦૨૬ થી ચાલુ કરવાનું આયોજન છે. ફલાય ઓવરના બાંધકામ દરમ્યાન - શહેરનાં મુખ્ય માર્ગ નો અંદાજીત ૧૧,૦૦ થી ૧૨.૦૦ મીટર નો ભાગ ફલાયઓવર બનાવવા માટે ઉપયોગ કરવાનો થાય છે જેથી શહેરનાં મુખ્યમાર્ગ પર ટ્રાફીકની સમસ્યા ના થાય તે અંગે સરકારી અને ખાનગી બસો અને અન્ય અણચણ રૂપ વાહનો ને શહેરમાં પ્રવેશ ન કરવા અંગે જાહેરનામું બહાર પાડવાની આવશ્યકતા રહે છે. જે અંગે ટ્રાફીક પોલીસ અને આર.ટી.ઓ ગોધરા નો અભિપ્રાય મેળવેલ છે. તદઉપરાંત આઈ.ટી.આઈ પ્રભા કોતર થી બસ સ્ટેન્ડ સુધીના મુખ્ય રસ્તા પર કોઈ વાહનને પ્રવેશ આપવાની જરૂરીયાત જણાય તો રાત્રી ૧૨.૦૦ વાગે થી સવારનાં ૫.૦૦ વાગ્યા સુધી સંબંધિત ટ્રાફીક પુલીસ અને આર. ટી. ઓ ની પરવાનગી મેળવી પ્રવેશ કરવા અંગે અનુમતિ આપવા તથા સદર કામગીરી દરમ્યાન ફલાયઓવર બ્રીજ બનાવવા માટે ઉપયોગી વાહનોને છુટ આપવા વિનંતી કરેલ છે.

સબબ, અમદાવાદ-ગોધરા-દાહોદ-ઈન્દોર રોડ કિમી ૧૧૬/૮ થી કિમી ૧૨૯/૪ ગોધરા શહેરમાંથી પસાર થતાં રોડ પર ફલાયઓવર બ્રીજ પ્રગતિ હેઠળ છે. હાલમાં સદર ફલાય ઓવરની કામગીરીમાં આઈ.ટી.આઈ પ્રભા કોતરથી લઈને બસ સ્ટેન્ડ તરફ કામગીરી પ્રગતિમાં છે અને ચર્ચથી બસ સ્ટેશન તરફ કામગીરી ચાલુ કરવાનું આયોજન છે. ફલાય ઓવરના બાંધકામ દરમ્યાન શહેરની મુખ્ય માર્ગનો અંદાજીત ૧૧.૦૦ થી ૧૨.૦૦ મીટરનો ભાગ ફલાયઓવર બનાવવા માટે ઉપયોગ કરવાનો થાય છે માટે શહેરનાં મુખ્યમાર્ગ પર ટ્રાફીકની સમસ્યા ના થાય તે અંગે સરકારી અને ખાનગી બસો અને અન્ય અડચણરૂપ વાહનોને શહેરમાં પ્રવેશ ન કરવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવો જરૂરી જણાય છે.

અત્રેની કચેરીના હુકમ ક્રમાંક : મકમ/વશી/૧૨૪૧થી૧૨૬૬/૧૦ તા.૧૬/૦૮/૨૦૧૦થી સરકારશ્રીના મહેસૂલ વિભાગ, ગાંધીનગરના ઠરાવ તા.૧૫/૦૨/૧૯૯૯ ની સૂચના મુજબ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ હેઠળની જિલ્લા મેજિસ્ટ્રટશ્રીની સત્તા અધિક જિલ્લા મેજિસ્ટ્રટશ્રીને સુપ્રત કરવામાં આવેલ છે.

આથી હું જે.જે.પટેલ (જી.એ.એસ) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) અન્વથે મને મળેલ અધિકારની રૂએ અમદાવાદ-ગોધરા-દાહોદ-ઈન્દોર રોડ કિમી ૧૧૬/૮ થી કિમી ૧૨૯/૪ ગોધરા શહેરમાંથી પસાર થતાં રોડ પર ફલાય ઓવર બ્રીજ તેમજ આઈ.ટી.આઈ પ્રભા કોતરથી લઈને બસ સ્ટેન્ડ તરફ કામગીરી પ્રગતિમાં હોઈ તેમજ ચર્ચથી બસ સ્ટેશન તરફ કામગીરી ચાલુ કરવાનું આયોજન હોઈ ફલાય ઓવરના બાંધકામ દરમ્યાન શહેરનાં મુખ્ય માર્ગનો અંદાજીત ૧૧.૦૦ થી ૧૨.૦૦ મીટરનો ભાગ ફલાયઓવર બનાવવા માટે ઉપયોગ કરવાનો થાય છે. જેથી શહેરનાં મુખ્યમાર્ગ પર ટ્રાફીકની સમસ્યા ના થાય તે માટે સરકારી અને ખાનગી બસો અને અન્ય અડચણરૂપ વાહનોને શહેરમાં પ્રવેશ ન કરવા સંબંધિતોને ફરમાવું છું.

૧. મધ્યપ્રદેશ-સંતરોડ-દાહોદ-ઝાલોદ-દેવગઢ બારીઆ તરફથી ગોધરા આવતી તમામ સરકારી તથા ખાનગી બસો પરવડી ચોકડી જલારામ સ્કુલથી-કોટડા ગામ-ચંચોપા ચોકડી-કંકુથાંભલા ચોકડી-છબનપુર ચોકડી અંડરબ્રીજ-પંચામૃત ડેરી સર્કલ-એસ.આર.પી-એફ.સી.આઈ ગોડાઉન-ભુરાવાવ ચોકડી થઈ નવિન કાર્યરત હંગામી બસ સ્ટેન્ડ તરફ અવર-જવર કરી શકશે તેવી જ રીતે ગોધરાથી મધ્યપ્રદેશ-સંતરોડ-દાહોદ-ઝાલોદ-દેવગઢ બારીઆ તરફ જતી તમામ સરકારી તેમજ ખાનગી બસો ભુરાવાવ ચોકડી-એફ.સી.આઈ ગોડાઉન-એસ.આર.પી-પંચામૃત ડેરી સર્કલ-છબનપુર ચોકડી અંડરબ્રીજ-કંકુથાંભલા ચોકડી-ચંચોપા ચોકડી-કોટડા ગામ-પરવડી ચોકડી જલારામ સ્કુલ થઈ ગંતવ્ય સ્થાન તરફ જઈ શકશે.

૨. અમદાવાદ રોડ તરફથી ગોધરા બાજુ આવતી તમામ સરકારી તથા ખાનગી બસો ત્રિ મંદિર-ભામૈયા-શિમલા-સેન્ટ આર્નોલ્ડ સ્કુલ તરફ થઈ નવિન કાર્યરત હંગામી બસ સ્ટેન્ડ તરફ અવર-જવર કરી શકશે તેવી જ રીતે ગોધરાથી અમદાવાદ રોડ તરફ જતી તમામ સરકારી તથા ખાનગી બસો સેન્ટ આર્નોલ્ડ સ્કુલ -શિમલા-ભામૈયા-ત્રિ મંદિર થઈ ગતવ્ય સ્થાન તરફ જઈ શકશે.

૩. વડોદરા-હાલોલ તરફથી આવતી તમામ સરકારી તથા ખાનગી બસો તૃમી હોટલ-લીલેસરા ચોકડી-ગદુકપુર ચોકડી-બામરોલી ચોકડી-પરવડી ચોકડી જલારામ સ્કુલથી-કોટડા ગામ-ચંચોપા ચોકડી-કંકુથાંભલા ચોકડી-છબનપુર ચોકડી અંડરબ્રીજ-પંચામૃત ડેરી સર્કલ-એસ.આર.પી-એફ.સી.આઈ ગોડાઉન-ભુરાવાવ ચોકડી થઈ નવિન કાર્યરત હંગામી બસ સ્ટેન્ડ તરફ અવર-જવર કરી શકશે તેવીજ રીતે ગોધરાથી વડોદરા-હાલોલ તરફ જતી તમામ સરકારી તેમજ ખાનગી બસો ભુરાવાવ ચોકડી-એફ.સી.આઈ ગોડાઉન-એસ.આર.પી-પંચામૃત ડેરી સર્કલ-છબનપુર ચોકડી અંડરબ્રીજ-કંકુથાંભલા ચોકડી-ચંચોપા ચોકડી-કોટડા ગામ-પરવડી ચોકડી જલારામ સ્કુલ-બામરોલી ચોકડી- ગદુકપુર ચોકડી-લીલેસરા ચોકડી-તૃમી હોટલ થઈ ગંતવ્ય સ્થાન તરફ જઈ શકશે.

૪. દામાવાવ-બામરોલી રોડથી આવતા તમામ સરકારી તથા ખાનગી બસો બામરોલી ચોકડી-પરવડી ચોકડી જલારામ સ્કુલથી-કોટડા ગામ-ચંચોપા ચોકડી-કંકુથાભલા ચોકડી-છબનપુર ચોકડી અંડરબ્રીજ-પંચામૃત ડેરી સર્કલ-એસ.આર.પી-એફ.સી.આઈ ગોડાઉન-ભરાવાવ ચોકડી થઈ નવિન કાર્યરત હંગામી બસ સ્ટેન્ડ તરફ અવર-જવર કરી શકશે તેવીજ રીતે ગોધરાથી દામાવાવ-બામરોલી રોડ તરફ જતી તમામ સરકારી તેમજ ખાનગી બસો ભુરાવાવ ચોકડી-એફ.સી.આઈ ગોડાઉન-એસ.આર.પી-પંચામૃત ડેરી સર્કલ-છબનપુર ચોકડી અંડરબ્રીજ-કંકુથાંભલા ચોકડી-ચંચોપા ચોકડી-કોટડા ગામ-પરવડી ચોકડી જલારામ સ્કુલ-બામરોલી ચોકડી થઈ ગંતવ્ય સ્થાન તરફ જઈ શકશે.

૫. શામળાજી-લુણાવાડા તરફથી ગોધરા તરફ આવતી તમામ સરકારી તથા ખાનગી બસો છબનપુર ચોકડી અંડરબ્રીજ-પંચામૃત ડેરી સર્કલ-એસ.આર.પી-એફ.સી.આઈ ગોડાઉન-ભુરાવાવ ચોકડી થઈ નવિન કાર્યરત હંગામી બસ સ્ટેન્ડ તરફ અવર-જવર કરી શકશે તેવી જ રીતે શામળાજી-લુણાવાડા તરફ જતી તમામ સરકારી તેમજ ખાનગી બસો ભુરાવાવ ચોકડી-એફ.સી.આઈ ગોડાઉન-એસ.આર.પી-પંચામૃત ડેરી સર્કલ-છબનપુર ચોકડી અંડરબ્રીજ થઈ ગંતવ્ય સ્થાન તરફ જઈ શકશે.

અપવાદ : હાલોલ-વડોદરા તરફથી ગોધરા આવતી તેમજ ગોધરાથી હાલોલ-વડોદરા તરફ જતી માત્ર સરકારી બસો તા.૩૦-૦૪-૨૦૨૬ સુધી" તૃમ્નિ હોટલ-સિવિલ લાઈન્સ રોડ-ચર્ચ થઈ પોલીસ હેડકવાર્ટર થઈ ભુરાવાવ ચોકડી થઈ નવિન કાર્યરત હંગામી બસ સ્ટેન્ડ સુધીના રોડનો ઉપયોગ કરી શકશે. પરંતુ, સુંદર રૂટ ઉપરથી અવર-જવર દરમ્યાન લાલબાગ બસ સ્ટેન્ડ પાસે મુસાફરોને લેવા-મુકવા સારૂ સ્ટોપેજ કરવાનું રહેશે નહી. આ જાહેરનામાની તારીખથી તા. ૩૦/૦૪/૨૦૨૬ બાદ મુદ્દા નં.૩ મુજબના રૂટ મુજબ અમલ કરવાનો રહેશે.

આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે

આજ તારીખ: ૧૦મી માર્ચ - ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કર્યો.

જે. જે. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
પંચમહાલ-ગોધરા

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ

નં.એમએજી/જાહેરનામું/વશી/૫૦૯ થી ૫૨૫ વિવિધ સામાજિક સંગઠનો, અલગ અલગ જનસમુદાયના મુલાકાતીઓ, સમાચારપત્રો તેમજ સોશિયલ મિડીયા મારફતે મળતી રજૂઆતો મુજબ રાજયમાં સગીર/યુવાનો દ્વારા ચરસ, ગાંજા વિગેરે જેવા નશીલા પદાર્થોના સેવન માટે સ્મોકીંગ એસેસરીઝ જેવી કે રોલીંગ પેપર/સ્મોકીંગ કોનનો ઉપયોગ કરવામાં આવે છે.

રાજયના ફોરેન્સિક સાયન્સ નિયામકશ્રીના અભિપ્રાય મુજબ વનસ્પતિજન્ય (Plant Based) નાર્કોટીક પદાર્થોના ધુમ્રપાન દ્વારા સેવન (inhalation via Smoking) માટે ઉપરોકત પેપર આધારિત સ્મોકીંગ એસેસરીઝ Drug Paraphernalia તરીકે કાર્ય કરે છે. જેને લીધે ડ્રગ્સનું ઝડપી શોષણ (Absorption) થવાથી વ્યક્તિની ડ્રગ પર dependence વધે છે તેમજ અચાનક વધુ માત્રામાં લેવાઈ જવાની (Accidental Overuse) શક્યતા પણ વધી જાય છે. રોલીંગ પેપરના બળવાથી ઝેરી પદાર્થ (Toxins) જેવા કે, Tar, Carbon Monoxide અને અન્ય Irritants પણ ઉત્પન્ન થાય છે. જે ફેફસાં અને કાર્ડિયોવેસ્કયુલર સિસ્ટમને નુકશાન પહોંચાડી શકે છે.

આમ, આવી સ્મોકીંગ એસેસરીઝના સંગ્રહ, વેચાણ, વિતરણ કે હેરાફેરી વ્યક્તિગત, જનસમુદાય તેમજ ખાસ કરીને યુવાપેઢી માટે ગંભીર ખતરો બની શકે તેમ છે.

ડ્રગ્સના આ દૂષણને નાબૂદ કરવા રાજય સરકાર કટિબધ્ધ છે અને તેના સઘન પ્રયાસ રૂપે પુખ્ત વિચારણાના અંતે આવી સ્મોકીંગ એસેસરીઝનું ઓનલાઈન ઈ-કોમર્સ પ્લેટફોર્મ દ્વારા તેમજ પાન પાર્લર, ચાની દુકાનો, છુટક કરીયાણાની દુકાનો વિગેરેમાં થતાં સંગ્રહ, વેચાણ, વિતરણ કે હેરાફેરી પ્રતિબંધિત કરવા ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે જાહેરનામું બહાર પાડવા અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત રાજય ગાંધીનગરના ક્રમાંક : વસફ/૧૦૨૦૨૬/૩૭૭/૫ તા.૦૭/૦૨/૨૦૨૬ થી ઠરાવ કરવામાં આવેલ છે.

સબબ, ઉકત વિગતો ધ્યાને લેતાં ડ્રગ્સના આ દૂષણને નાબૂદ કરવા સ્મોકીંગ એસેસરીઝના સંગ્રહ, વેચાણ, વિતરણ કે હેરાફેરી ઉપર પ્રતિબંધ મુકવું જરૂરી જણાય છે.

આથી, હું જે.જે.પટેલ (GAS), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ જાહેરનામાં બહાર પાડવા મળેલ સત્તાની રૂએ સગીર/યુવાનો દ્વારા ચરસ, ગાંજા વિગેરે જેવા નશીલા પદાર્થોના સેવન માટે સ્મોકીંગ એસેસરીઝ જેવી કે રોલીંગ પેપર/સ્મોકીંગ કોનનો કરવામાં આવતો ઉપયોગ અને ડ્રગ્સના દૂષણને નાબૂદ કરવા માટે પંચમહાલ જિલ્લાના હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા. ૧૦/૦૩/૨૦૨૬ થી તા. ૦૯/૦૫/૨૦૨૬ (બંન્ને દિવસો સહિત) સુધીના સમયગાળા માટે સ્મોકીંગ એસેસરીઝનું ઓનલાઈન ઈ-કોમર્સ પ્લેટફોર્મ દ્વારા તેમજ પાન પાર્લર, ચાની દુકાનો, છુટક કરીયાણાની દુકાનો વિગેરેમાં થતાં સંગ્રહ, વેચાણ, વિતરણ કે હેરાફેરી કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

આ હુકમ અન્વયે પંચમહાલ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ ઈન્સ્પેક્ટર તથા પોલીસ સબ ઈન્સ્પેક્ટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓ તથા મારા તાબાના એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ કરાવવા માટે હુકમનો ભંગ કરનાર વ્યક્તિઓને ચોક્કસ પ્રકારના કાર્યો નહી કરવા માટે ક્ષેત્રીય કામગીરી દરમિયાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે જેથી ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબની ફરીયાદ લેતી વખતે મારા હુકમનો ભંગ થયેલ છે અને સાથોસાથ અધિકૃત અમલદારે પોતાની ફરિયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ ૧૬૩ હેઠળ જાહેર થયેલા પ્રતિબંધાત્મક કાર્યો થતા અટકાવવા માટે પોતે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા બદલ ઉક્ત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

તમામને વ્યક્તિગત રીતે નોટીસોની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એકતરફી હુકમ કરું છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ કરાવી તથા પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેક્ટર, પોલીસ ઈન્સ્પેક્ટર, મદદનીશ પોલીસ અધિક્ષકશ્રી, નાયબ પોલીસ અધિક્ષકશ્રી તથા પોલીસ અધિક્ષકશ્રીની કચેરીના નોટીસ બોર્ડ ઉપર નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી રીતે જાહેરાતની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ આ જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા.૧૦ મી માર્ચ, ૨૦૨૬ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

જે. જે. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
પંચમહાલ-ગોધરા

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.04.22 17:41:53 IST